# અંગ્રેજી વ્યાકરણ [ભાગ17] ગુજરાતીમાં

# CHANGE THE DEGREE

**Degree of comparison** કુલ ત્રણ પ્રકારની છે. **(1) Positive Degree, (2)Comparative Degree, (3)**

**Superlative Degree**

**<u>(1)Positive Degree:-</u>** બે બનતી આ **Degree** છે. **'as'** વિશેષણ **'as'** હકાર વાક્યમાં આવે છે. **'so'** વિશેષણ **'as'** નકાર વાક્યમાં વપરાય છે.એક વસ્તુ કે એક વ્યક્તિની સરખામણી એક કરતા વધુ વસ્તુ કે વ્યક્તિ સાથે થાય ત્યારે વાક્યની શરૂઆતમા **'No other'** કે **'Very few'** વપરાય છે.અહિયા 'ના જેટલું' તેવી સરખામણીનો અર્થ દર્શાવતો હોય છે.

**<u>(2)Comparative Degree:-</u>** આ મુકાય છે. જે વિશેષણને **'er'** ન લાગે તેની આગળ **'more'** મુકાય છે. એક વસ્તુ કે એક વ્યક્તિની સરખામણીએકથી વધુ વસ્તુ કે વ્યક્તિ સાથે થાય ત્યારે વાક્યમાં **'anyother'** કે **'Most other / Many other,** વપરાય છે. અહીંયા 'ના કરતા વધુ' નો અર્થ દર્શાવાય છે.

**<u>(3)Superlative Degree:-</u>** શ્રેષ્ઠતાવાચક વિશેષણ આગળ **'The'** અને વિશેષણને **'est'** પ્રત્યય લાગે છે. જે વિશેષણને **'est'** પ્રત્યય ન લાગતો હોય તે વિશેષણની **'most'** મુકાય છે. તેની આગળ **'the'** મુકાય છે. અહીંયા શ્રેષ્ઠતા બતાવવાનો અર્થ સૂચવાય છે **'One of' 'Superlative Degree'** માં વપરાય છે. **'One of'** સાથે જે નામ ની સરખામણી થતી હોય તે બહુ વચનમાં વપરાય છે. **->Degree** મા કેટલાક વિશેષણોનો નિયમિત રીતે ફેરફાર થતો નથી.

જેવાકે –

**(A)** જે વિશેષણનો છેલ્લો અક્ષર વ્યંજન હોય અને તેની આગળ સ્વર હોય તો

www.shikshansahitya.in

**Comparative અને Superlative**

**Degree** મા ફેરવતી વખતે છેલ્લો અક્ષર બેવડાય છે.

વસ્તુની સરખામણી કરવા માટે **'as'** વિશેષણ **'as'** કે **'so'** વિશેષણ **'as'** થી

**Degree** મા વિશેષણને **'er'** પ્રત્યાય લાગે છે અને ત્યાર પછી **'than'**

**degree** તરીકે આ **degree** ઓળખાય છે. આ **degree** મા

**Positive Degree**
**Comparative Degree**
**Superlative Degree**
**Big**
**Bigger**
**Biggest**
**Hot**
**Hotter**
**Hottest**
**Thin**
**Thinner**
**Thinnest**

www.shikshansahitya.in

**(B)**કેટલાક વિશેષણોને અંતે **'y'** આવે અને **'y'** પહેલા વ્યંજન હોય તો **'y'** નો **'I'** કરી **'er'** કે **'est'** લગાડાય છે.

**Positive Degree**
**Comparative Degree**
**Superlative Degree**
**Pretty**
**Prettier**
**Prettiest**
**Happy**
**Happier**
**Happiest**
**Heavy**
**Heavier**
**Heaviest**

**(C)**કેટલાક વિશેષણો એવા છે કે તેનો ઉચ્ચાર એક થી વધુ **'syllabus'** થી થાય છે.એટલે કે ટૂંકો ઉચ્ચાર થતો

નથી. જેમ કે **‘Big’ , ‘Thin’ , ‘Hot’** વગેરેનો ઉચ્ચાર ટૂંકો છે.પણ **‘Beautiful’ , ‘Hardworking’ ‘Industrious’**
વગેરેનો ઉચ્ચાર એક થી વધુ **‘syllabus’** વાળા થાય છે.ઉપરાંત આ મૂળ શબ્દ ને કોઈ પ્રત્યય
લગાવી ને વિશેષણ બનાવાયું છે.તો આવા શબ્દની આગળ
**‘Comparative Degree’** મા **‘more’** મુકાય છે
અને **‘Superlative Degree’** માં **‘most’** મુકાય છે.

**Positive Degree**
**Comparative Degree**
**Beautiful**
**More beautiful**
**Hardworking**
**More hardworking**
**Industrious**
**More Industrious**
**Interesting**
**More Interesting**
**Foolish**
**More Foolish**

**(D)**કેટલાક વિશેષણો અનિયમિત હોય છે.

**Positive Degree**
**Comparative Degree**
**Good**
**Better**
**Well**
**Better**
**Bad**
**Worse**
**Little**
**Less**
**Much**
**More**
**Late**
**Latter**
**Far**
**Farther**

**‘Good’** હંમેશા **‘to be’** ના રૂપ સાથે આવે છે.જયારે **‘Well’** હંમેશા

www.shikshansahitya.in

છે,કારણ કે તે ક્રિયા વિશેષણ છે.

**Positive Degree માંથી Comparative Degree:-**

**Positive Degree** ને **Comparative Degree** માં ફેરવતી વખતે નીચે મુજબ ફેરફાર થશે-

->બંને કર્તા અદલબદલ થાય છે. સર્વનામમાં કોઇજ ફેરફાર થતો નથી એટલે કે **'I'**નુ **'me'** ન થાય.

->**'Positive Degree'** નુ વાક્ય હોય તો **'Comparative Degree'** નુ વાક્ય નકાર બને છે.**'Positive Degree'**

નુ વાક્ય નકાર હોય તો **'Comparative Degree'** નુ વાક્ય હકાર બને છે.

->વિશેષણને**'er'** પ્રત્યાય લાગે છે.

**Superlative Degree**
**Most Beautiful**
**Most hardworking**
**Most Industrious**
**Most Interesting**
**Most Foolish**

**Superlative Degree**
**Best**
**Best**
**Worst**
**Least**
**Most**
**Last**
**Farthest**
મુખ્ય ક્રિયાપદ સાથે આવે

->**'As-As'** કે **'So-As'** નીકળી જાય છે.

->વિશેષણ પછી **'than'**મુકાય છે.

**e.g., Sima is as clever as Rina. (Positive Degree)**
કર્તા
**Rima is not Cleverer than Sima. (Comparative Degree)**
આવી જ રીતે **'Comparative Degree'** ના વાક્યને **'Positive Degree'** મા

www.shikshansahitya.in

ફેરવીએ ત્યારે **'er'**

અને **'than'** નીકળી જાય છે.વાક્ય હકાર બને તો વિશેષણ આજુબાજુ **As-As** મુકાય

છે.અને નકાર બને તો **So-**

**As** મુકાય છે.

**e.g., Mohan is stronger than Ramesh . (Comparative Degree)**
**Ramesh is not so strong as Mohan. (Positive Degree)** ત્ય

**Superlative Degree** માંથી **Comparative Degree** અને **Positive Degree :-**

**(1)**એક વસ્તુ કે એક વ્યકતીની સરખામણી કોઈ સમૂહ સાથે થાય ત્યારે ત્રણેય

ડીગ્રીમાં રૂપાંતર

થાય છે. **'Superlative Degree'** પરથી પ્રથમ **'Comparative Degree'** નુ વાક્ય

બનાવવું વધુ સરળ પડેછે.

**e.g.->The Ganga is the longest river in india. (Superlative Degree)**
**->The Ganga is longer than any other river in india. (Comparative Degree)**
**->No other river in india is so long as the Ganga. (Positive Degree)**
**->'Superlative Degree'** પરથી **'Comparative Degree'** મા રૂપાંતર કરીએ ત્યારે

**'the most'** નીકળી જાય

છે.અને તેને બદલે **'er than , any other'** અથવા **'more ,than any other '**

મુકાય છે. બાકી વાક્ય રચનામાં

કોઈ ફેરફાર થતો નથી.

**->'Superlative Degree'** કે **Comparative Degree'** પરથી **'Positive Degree'**

મા રૂપાંતર કરીએ ત્યારે જે સમૂહ

સાથે સરખામણી કરવા માં આવી હોય (જાતિવાચક નામ)તેને વાક્યની શરુઆતમાં

**'No other'** પછી મુકાય

છે.વિશેષણને કોઈ પ્રત્યય લાગતો નથી.વિશેષણની આગળ પાછળ **So-as** મુકાય છે.

વિશેષણ

કર્તા

**->**એક વસ્તુ કે વ્યક્તિની સરખામણી એક કરતા વધુ વસ્તુ કે વ્યક્તિ સાથે થાય

www.shikshansahitya.in

ત્યારેજ

ત્રણેય **'Degree'** માં રૂપાંતર થઇ શકે છે.

**(2) 'One of'** વાળા વાક્યોનો ફેરફાર અલગ રીતે થાય છે.અહીંયા **'Comparative Degree'** માં **'any another'** ને

બદલે **'many other/most other'** મુકાય છે.

**e.g.,->Nisha is one of the cleverest student in the class room. (Superlative Degree)**

**->Nisha is cleverer than many other student in the class-room. (Comparative Degree)**

**->Very few student in the class-room are as clever as Nisha. (Positive Degree)**

**Note:-**

**->'Superlative Degree'** માં **'One other'** વપરાય છે.અને જેની સાથે સરખામણી થઇ હોય તે બહુવચનમાં

આવે છે.

**->'Comparative Degree'** માં **'Many other'** કે **'Most other'**

વપરાય છે.અને જેની સાથે સરખામણી થઇ હોય તે

બહુવચનમાં આવે છે.

**->'Positive Degree'** મા **'Very Few'** થી વાક્ય શરૂ થાય છે.અને તેની સાથે

વપરાતું **'to be'** નુ રૂપ કે મુખ્ય

ક્રિયાપદ હંમેશા બહુવચનમાં જ હોય છે.

મુખ્ય ક્રિયાપદવાળા વાક્યોનું રૂપાંતર:-

જયારે વાક્યમાં મુખ્ય ક્રિયાપદ આપ્યું હોય અને વાક્ય નકાર બને ત્યારે સાદા

વર્તમાનકાળમાં **'do not'** કે **'dose not'** મુકાય છે. અને સાદા

ભૂતકાળમાં **'did not'** વપરાય છે.

**e.g.->She runs faster than I.(Comparative Degree)**

www.shikshansahitya.in

**I do not run so fast as she.(Positive Degree)**

**->He played better than I. (Comparative Degree)**

**I did not play so well as he. (Positive Degree)**

**->Sunita watched the programme the most eagerly. (Superlative Degree)**

**Sunita watched the programme more eagerly than any other child. (Comparative Degree)**

**No other child watched the programme so eagerly as Sunita. (Positive Degree)**

**->Very few singers sing as skillfully as Lata. (Positive Degree)**

**Lata sings more skillfully than many other singers. (Comparative Degree)**

www.shikshansahitya.in